# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૭૦ તા.૧૨-૩-૧૫

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- તા.૧૪-૩-૨૦૧૫ ના રોજ શાળા કક્ષાએ બાળમેળાના આયોજન બાબતે.**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે તા.૧૪-૩-૧૫ને શનિવારના રોજ શાળાકક્ષાએ શાળા સમયમાં બાળમેળાનું આયોજન કરવાનું છે. જેમાં નીચે મુજબની માર્ગદર્શક સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે.

- ❖ ધો.૧ થી ૫ ની શાળાઓમાં પ્રવૃત્તિલક્ષી બાળમેળા કરવાના રહેશે.જેમાં ૧૫ વિભાગોમાં અલગ અલગ પ્રવૃત્તિઓ કરવાની રહેશે.
- ❖ ધો.૧ થી ૫ માટે બાળમેળાની પ્રવૃત્તિઓ (૧) ગીત-સંગીત અભિનય (૨) બાળરમતો (૩) બાલવાર્તાઓ (૪) બાળનાટક (૫) માટીકામ (૬) છાપકામ (૭) ચિત્રકામ (૮) રંગપૂરણી (૯) ગડીકામ (૧૦) કલરકામ (૧૧) ચીટકકામ (૧૨) વિજ્ઞાનના પ્રયોગો (૧૩) જાદુનગરી (૧૪) ભાષાશિક્ષણ (૧૫) ગણિતશિક્ષણ
- ❖ ધો. ૬ થી ૮ ની શાળાઓને 'જીવન કૌશલ્ય બાળમેળા' કરવાનો રહેશે. જેમાં ૮ વિભાગોમાં અલગ અલગ પ્રવૃત્તિઓ કરવાની રહેશે. (૧) સર્જનાત્મકતા (૨) ચાલો શીખીએ (૩) સ્વજાગૃતિ સ્વચ્છતા સુશોભન (૪) હળવાશની પળોમાં (૫) પર્યાવરણને જાણો-માણો-જાળવો (૬) વાંચન-લેખન અવલોકન (૭) સામાન્યજ્ઞાન અને સમસ્યા ઉકેલ (૮) સમૂહ જીવન અને બાલપ્રદર્શન

સી.આર.સી.કો.ઓર્ડિનેટર દ્વારા આપેલ ગ્રાન્ટ મેળવી પહોંચ, ચૂકવણીપત્રક, યુટિલાઈઝેશ અને ખર્ચ ફાઈલ તા.૧૮-૩-૧૫ સુધી સી.આર.સી.કક્ષાએ જમા કરાવવાના રહેશે. ફાઈલની સાથે અહેવાલ અને ફોટોગ્રાફ જમા કરાવવાના રહેશે.

તા.૧૧-૩-૧૫

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં.૧૭૧ તા.૧૨-૩-૧૫**

(માન્ય શાળા પરિપત્ર નં.૯)

તમામ શાળાઓ માટે :-

**વિષય :- દ્વિતીય સત્રાંત (લેખિત) પરીક્ષા - ૨૦૧૫ બાબત**

આથી તમામ શાળાઓને ઉપરોક્ત વિષયના અનુસંધાનમાં જણાવવાનું કે મ્યુનિ. શાળાઓમાં દ્વિતીય સત્રાંત પરીક્ષા-૨૦૧૫ તા.૯-૪-૧૫ને ગુરૂવારથી શરૂ કરવામાં આવનાર છે. આ લેખિત પરીક્ષા પહેલાં શાળામાં અનૌપચારિક સતત મૂલ્યાંકન(પરિશિષ્ટ-અ) અને વ્યક્તિત્વ વિકાસ(પરિશિષ્ટ-બ)નું મૂલ્યાંકન વ્યવસ્થિત રીતે અને જવાબદારીપૂર્વક પૂર્ણ કરવાનું રહેશે.

પરિપત્ર નં.૫૪/તા.૮-૯-૧૧ અને પરિપત્ર નં.૨૬/તા.૨૩-૭-૧૨માં દર્શાવેલ વર્ષાન્તે કરવાનું મૂલ્યાંકન અને તેની વિગત મુજબ જે-તે વિષય અને ધોરણના શિક્ષકો પાસે આ કાર્ય સંતોષકારક રીતે પૂર્ણ કરાવવાની જવાબદારી મુખ્ય શિક્ષકની રહેશે.

દ્વિતીય સત્રાંત પરીક્ષા-૨૦૧૫નો કાર્યક્રમ નીચે મુજબ છે તે મુજબ પરીક્ષાનો કાર્યક્રમ બોર્ડ પર લખી તમામ વિદ્યાર્થીઓ પાસે તેની નોંધ લેવડાવશો તેમજ વાલીઓની સહી લેવડાવશો. પરીક્ષાનો કાર્યક્રમ સ્કૂલ બોર્ડની વેબસાઈટ (www.amcschoolboard.org) પર પણ મૂકવામાં આવેલ છે.

**દ્વિતીય સત્રાંત (લેખિત) પરીક્ષા-૨૦૧૫નો કાર્યક્રમ**

| તારીખ | વાર | સમય | ધોરણ | વિષય |
|---|---|---|---|---|
| ૯-૦૪-૧૫ | ગુરૂવાર | ૮-૦૦ થી ૧૦-૩૦ | ૬ થી ૮ | માતૃભાષા |
| | | ૧૧-૦૦ થી ૧૨-૩૦ | ૩ થી ૫ | માતૃભાષા |
| ૧૦-૦૪-૧૫ | શુક્રવાર | ૮-૦૦ થી ૧૦-૩૦ | ૬ થી ૮ | ગણિત |
| | | ૧૧-૦૦ થી ૧૨-૩૦ | ૩ થી ૫ | ગણિત |
| ૧૧-૦૪-૧૫ | શનિવાર | ૮-૦૦ થી ૧૦-૩૦ | ૬ થી ૮ | વિજ્ઞાન અને ટેકનોલૉજી |
| | | ૧૧-૦૦ થી ૧૨-૩૦ | ૫(ઈતર માધ્યમ) | વિજ્ઞાન અને ટેકનોલૉજી |
| | | ૧૧-૦૦ થી ૧૨-૩૦ | ૩,૪ (તમામ માધ્યમ) અને ૫ (ગુજ.માધ્યમ) | પર્યાવરણ |
| ૧૩-૦૪-૧૫ | સોમવાર | ૮-૦૦ થી ૧૦-૩૦ | ૬ થી ૮ | હિન્દી |
| | | ૧૧-૦૦ થી ૧૨-૩૦ | ૪ અને ૫ | હિન્દી |
| | | ૧૧-૦૦ થી ૧૨-૩૦ | ૩ | પ્રાદેશિક ભાષા |
| ૧૫-૦૪-૧૫ | બુધવાર | ૮-૦૦ થી ૧૦-૩૦ | ૬ થી ૮ | અંગ્રેજી |
| | | ૧૧-૦૦ થી ૧૨-૩૦ | ૪ અને ૫ | અંગ્રેજી |
| ૧૬-૦૪-૧૫ | ગુરૂવાર | ૮-૦૦ થી ૧૦-૩૦ | ૬ થી ૮ | સામાજિક વિજ્ઞાન |
| | | ૧૧-૦૦ થી ૧૨-૩૦ | ૪ અને ૫ | પ્રાદેશિક ભાષા |
| ૧૭-૦૪-૧૫ | શુક્રવાર | ૮-૦૦ થી ૧૦-૦૦ | ૬ થી ૮ | સંસ્કૃત |
| | | ૧૦-૩૦ થી ૧૨-૦૦ | ૫(ઈતર માધ્યમ) | સામાજિક વિજ્ઞાન |
| ૧૮-૦૪-૧૫ | શનિવાર | ૮-૦૦ થી ૧૦-૦૦ | ૬ થી ૮ | પ્રાદેશિક ભાષા |
| | | ૧૦-૩૦ થી ૧૨-૦૦ | ૫(ઈતર માધ્યમ) | શારીરિક શિક્ષણ |

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

<u>અન્ય સૂચનાઓ</u>

(૧) **ધો.૬ થી ૮ના મુખ્ય વિષયો માટે સ્કૂલ બોર્ડ દ્વારા જવાબવહીઓ છપાવીને આપવાનો નિર્ણય કરવામાં આવેલ હોઈ તે જવાબવહીઓનો જ ઉપયોગ કરવાનો રહેશે. બાળકોએ જવાબવહીઓ બહારથી ખરીદીને લાવવાની રહેતી નથી. તે અંગેની સૂચના પ્રથમથી જ આપવી.**

(૨) પ્રજ્ઞા અભિગમ અંતર્ગત ચાલતી ધો.૩ થી ૫ની શાળાઓને અલગથી પ્રજ્ઞા અભિગમના પ્રશ્નપત્રો આપવામાં આવશે જેની પરીક્ષા દ્વિતીય સત્રાંત પરીક્ષાના કાર્યક્રમમાં દર્શાવેલ તારીખ અને સમયે જ લેવાની રહેશે.

(૩) <u>ધો.૩ થી ૫ ના તમામ વિષયો,</u> ધો.૫(ઈતરમાધ્યમ)- શારીરિક શિક્ષણ અને ધો.૬ થી ૮ના સંસ્કૃત તથા ઈતર માધ્યમમાં ધો.૩ થી ૮ના પ્રાદેશિક ભાષાના <u>જવાબો પ્રશ્નપત્રોમાં જ લખવાના રહેશે.</u>

(૪) ધો.૧ અને ૨ના વિદ્યાર્થીઓના પ્રગતિપત્રકમાં નોંધ કરવાનું તથા જરૂરી અનૌપચારિક મૂલ્યાંકન કરી ગ્રેડીંગ કરવાનું કાર્ય આ સમયગાળા દરમ્યાન ચાલુ રાખવાનું રહેશે.

(૫) ધો.૧ અને ૨માં સતત મૂલ્યાંકન તેમજ ધો.૩ થી ૮માં વિષયોના ગુણભારનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરી સર્જનાત્મક પ્રવૃત્તિઓ, કલા શિક્ષણ, સ.ઉ.ઉ.કાર્ય અંગે કરવાના થતા મૂલ્યાંકનને પૂર્ણ કરવું. પ્રગતિકાર્ડ, પરિશિષ્ટ-અ અને પરિશિષ્ટ-બ તેમજ પરિણામપત્રક કાળજીપૂર્વક તૈયાર કરવું.

(૬) વર્ષાન્તે ધો.૪માં હિન્દી વિષયની લેખિત કસોટી ૪૦ ગુણની લેવાશે તેમજ આ વર્ષથી વર્ષાન્તે ધો.૪માં અંગ્રેજી વિષયની લેખિત કસોટી ૪૦ ગુણની લેવાશે.

(૭) જે શાળામાં રેકઝીન અને ઘડીયાળ ઉદ્યોગ ચાલતો હોય ત્યાં લેખિત પરીક્ષાના પ્રશ્નપત્રો ઓફિસ તરફથી આપવામાં આવશે. આ ઉદ્યોગની પ્રાયોગિક પરીક્ષાઓ અને વાર્ષિક(લેખિત) પરીક્ષા દ્વિતીય સત્રાંત પરીક્ષા પહેલાં પૂર્ણ કરી બીટ સુપરવાઈઝરશ્રી પાસે પરિણામ ચેક કરાવવાનું રહેશે.

(૮) પરીક્ષા દરમ્યાન વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા એવી રીતે ગોઠવવી કે જેથી એક જ ધોરણના વિદ્યાર્થીઓ પાસે-પાસે ન આવે. બેઠક વ્યવસ્થાનો ચાર્ટ બીટ સુપરવાઈઝર પાસે મંજૂર કરાવી દરેક ઓરડામાં કયા ધોરણના કયા નંબરના વિદ્યાર્થીઓ બેસવાના છે તેની નોંધ ઓરડામાં કા.પા. પર કરવી.

(૯) પરીક્ષા દરમ્યાન દરરોજના નિરીક્ષણકાર્યની નિરીક્ષણપત્રકમાં ફાળવણી કરવી અને શિક્ષકને ફાળવેલ ઓરડાના નંબર સામે સહી લેવી.

પરીક્ષાના પ્રશ્નપત્રો મેળવવા માટેના કેન્દ્રો અને પરિણામપત્રકો ચેક કરાવવા અંગે હવે પછીથી પરિપત્ર કરી જાણ કરવામાં આવશે.

તા.૧૨-૩-૧૫

ડૉ. એલ. ડી. દેસાઈ<br>
શાસનાધિકારી